# યુનિટ-3.એકનોંધી અથવા અધૂરી હિસાબી પદ્ધતિ

**[1] પ્રાસ્તાવના:** કેટલાક નાના વેપારીઓ એકનોંધી પદ્ધતિએ હિસાબો રાખે છે એટલે કે બધા વ્યવહારોની સંપૂર્ણ નોંધ રાખતા નથી, પરંતુ સગવડ મુજબ અમુક જ હિસાબી ચોપડા રાખે છે. દા. ત., કેટલાક વેપારીઓ ફક્ત રોકડમેળ જ રાખે છે અને દેવાદારો તથા લેણદારોનાં ખાતાં જ રાખે છે. કેટલાક વેપારીઓ જરૂર લાગે તો વેચાણનોંધ અને ખરીદનોંધ રાખે છે. આમ, દ્વિનોંધી પદ્ધતિ મુજબ પૂરા હિસાબો નહિ રાખવાની પદ્ધતિને 'એકનોધી પદ્ધતિ' કે અધૂરી હિસાબી પદ્ધતિ કહે છે.

હિસાબો લખવાની દ્વિનોંધી પદ્ધતિમાં દરેક વ્યવહારની નોંધ બે ખાતાંમાં થાય છે. દરેક વ્યવહાર એક ખાતાની ઉધાર બાજુ અને બીજા ખાતાની જમા બાજુ નોંધવામાં આવે છે. દા. ત., રૂ. ૧૦૦ પગારના ચૂકવીએ તો તે રકમ પગાર ખાતે ઉધારાય અને રોકડ ખાતે જમા થાય. આ દ્વિનોંધી હિસાબી પદ્ધતિ હિસાબો રાખવાની સંપૂર્ણ પદ્ધતિ છે.

પરંતુ નાના પાયા પર ધંધો કરતા વેપારીઓ, ગલ્લાવાળા, ફેરિયાઓ વગેરે આ રીતે હિસાબો રાખી શકે નહિ, કારણ કે તેમના વ્યવહારો ખૂબ સરળ અને ઓછા હોય છે. હિસાબો રાખવાનો તેમનો ઉદ્દેશ ફક્ત એટલો જ છે કે હિસાબો પરથી તેઓ બે-ત્રણ મહત્વની વિગતો જાણી શકે. દા. ત., તેમની પાસે રોકડાં નાણાં કેટલાં છે અને બેંકમાં કેટલી સિલક છે ? તેમનું લેણું કેટલું છે અને દેવું કેટલું છે ? તેમ જ મુખ્ય ખર્ચા કેટલા છે ? આટલી વિગતો જાણવા માટે તેઓ દ્વિનોંધી હિસાબી પદ્ધતિએ ચોપડા રાખવાનો ખર્ચ કરતા નથી કે દરેક વ્યવહારની બેવડી નોંધ કરવાની ઝંઝટમાં ઊતરતા નથી. એટલે ફક્ત રોકડમેળ રાખે છે અને એક ખાતાવહી રાખે છે, જેમાં તે દેવાદારો અને લેણદારોનાં જ ખાતાં રાખે છે. એટલે કે ફક્ત વ્યક્તિઓનાં જ ખાતાં રાખે છે. આ રીતે હિસાબો રાખવાની પદ્ધતિને એકનોઁધી કે અધૂરી પદ્ધતિ કહેવામાં આવે છે.

**[2] એકનોંધી પદ્ધતિની વ્યાખ્યા અને લક્ષણો-** :આમ તો એકનોંધી હિસાબી પદ્ધતિની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે, કારણ કે આવી કોઈ હિસાબી પદ્ધતિ જ નથી, પરંતુ જો તેની વ્યાખ્યા આપવી હોય તો તે નીચે મુજબ આપી શકાય :

Prof Dharmendra A Patel, Shree N P Patel Commerce College, Ahmedabad

(1) **સરળ શબ્દોમાં** ‘પોતાની જરૂરિયાત પ્રમાણેના જ વ્યવહારો દ્વિનોંધી પદ્ધતિ પ્રમાણે ચોપડે નોંધવાની રીત. જેમાં મુખ્યત્વે રોકડ વ્યવહારો અને વ્યક્તિને લગતા વ્યવહારો જ નોંધવામાં આવે છે, એવી અધૂરી હિસાબી પદ્ધતિને એકનોઁધી પદ્ધતિ કહે છે.”

(2) **કાર્ટર જણાવે છે કે** “આપણે એમ કહી શકીએ કે એકનોંધી એ એવી પદ્ધતિ કે પદ્ધતિઓનો સમૂહ છે, જે વ્યવહારની નોંધ કરવા વપરાય છે, પરંતુ જે વેપારીને તેની સ્થિતિ જાણવા માટે જરૂરી માહિતી પૂરી પાડવામાં નિષ્ફળ નીવડે છે.'

(3) **શ્રી કોહલર લખે છે :** “એકનોંધી પદ્ધતિ એટલે હિસાબો રાખવાની એવી પદ્ધતિ જેમાં એક નિયમ તરીકે ફક્ત રોકડ વ્યવહારો અને વ્યક્તિગત ખાતાંને લગતા વ્યવહારો જ નોંધાય છે; તે હંમેશાં અધૂરી દ્વિનોંધી પદ્ધતિ છે, જે સંજોગો મુજબ બદલાતી રહે છે."

**ઉપરની વ્યાખ્યાઓ પરથી એનોંધી પદ્ધતિનાં લક્ષણો નીચે મુજબ દર્શાવી શકાય :**

(1) આ પદ્ધતિમાં ધંધાના વ્યવહારો નોંધવા માટે દ્વિનોંધી નામાપદ્ધતિના સિદ્ધાંતોનો જ ઉપયોગ થાય છે,પરંતુ બંન્ને અસરો પૂર્ણ કરવામાં આવતી નથી .

(2) તેમાં જરૂરિયાત મુજબના મર્યાદિત ચોપડા જ રાખવામાં આવે છે. ખાસ કરીને પેટાનોંધીમાં ફક્ત રોકડમેળ અને ખાતાવહીમાં ફક્ત વ્યક્તિનાં ખાતાં જ રાખવામાં આવે છે. ફક્ત

(3) તેમાં દરેક વ્યવહારની બેવડી નોંધ થતી નથી. મોટા ભાગના વ્યવહારોની એકજ નોંધ થાય છે.છતાં કેટલાક વ્યવહારોની બેવડી નોંધ પણ થાય છે તો કેટલાક વ્યવહારોની બિલકુલ નોંધ થતી નથી.

(4) આ પદ્ધતિ પ્રમાણેના હિસાબો ફક્ત નાના વેપારીઓ જ રાખી શકે. ખાસ કરીને એકાકી વેપારી અને ભાગીદારી પેઢીમાં તે રાખી શકાય. કંપનીઓ માટે તો દેશના કાયદા મુજબ દ્વિનોંધી હિસાબી પદ્ધતિ પ્રમાણે સંપૂર્ણ હિસાબો રાખવા ફરજિયાત છે.

(5) આ પદ્ધતિમાં દરેક વ્યવહારની બેવડી નોંધ થયેલ હોતી નથી. તેથી કાચું સરવૈયું બનાવી શકાતું નથી તથા વાર્ષિક હિસાબો બનાવી શકાતા નથી.

Prof. Dharmendra A Patel, Shree N P Patel Commerce College, Ahmedabad

(6) તેમાં કોઈ સમાનતા નથી. કેટલાક વેપારીઓ ફક્ત રોકડમેળ રાખે છે તો કેટલાક વેપારીઓ વેચાણનોંધ અને ખરીદનોંધ જેવી પેટાનોંધી પણ રાખે છે.

(7) તે ઓછી ખર્ચાળ છે. તેમાં બધા વ્યવહારોની નોંધ રાખવામાં આવતી નથી. તેથી તેમાં સમય, શક્તિ અને નાણાનો ખૂબ બચાવ થાય છે.

(8) તમામ મૂળ દસ્તાવેજો સાચવી રાખવા એ આ પદ્ધતિનું મુખ્ય લક્ષણ છે, કારણ કે બધા વ્યવહારોની સંપૂર્ણ નોંધ આ પદ્ધતિમાં થયેલી હોતી નથી તેથી આવા દસ્તાવેજો નફો-નુકસાન શોધવા કે સ્થિનિદર્શક પત્રક બનાવવા ઉપયોગી બને. દા. ત., વેચાણ અને ખરીદીનાં બિલો, અન્ય વાઉચરો વગેરે.

**[3] એકનોઁધીનાં સ્વરૂપો-** એકનોથી પદ્ધતિ નીચે મુજબના સ્વરૂપે ઉપયોગમાં લેવામાં આવે છે :

**(અ) શુદ્ધ એકનોંધી પદ્ધતિ (Pure Single Entry) :** આ પદ્ધતિ મુજબ નામાંના મૂળ ચોપડા {Books of Original Entry) એટલે કે પેટનોંધ પૈકી ફક્તરોકડમેળ જ રાખવામાં આવે છે. વેચાણનોંધ, વેચાણ પરતનોંધ, ખરીદનોંધ, ખરીદ પરતનોંધ વગેરે અન્ય પેટા નોંધો રાખવામાં આવતી નથી. ખાતાવહીમાં ફક્ત વ્યક્તિઓનાં જ ખાતાં રાખવામાં આવે છે. માલમિલકતનાં ખાતાં અને ઊપજખર્ચનાં ખાતાં રાખવામાં આવતાં નથી. જ્યારે પિકલ્સ જણાવે છે કે નામાની આવી પદ્ધતિ અપૂર્ણ અને અસંતોષકારક છે તેમ જ ધંધના સંચાલનને લગતી ચોક્કસ માહિતીનો તેમાં સંપૂર્ણ અભાવ છે તે સ્પષ્ટ છે. પરિણામે આવી પદ્ધતિનો ઉપયોગ વ્યવહારમાં ફેરિયા કે પાનબીડીવાળા જેવા નાના વેપારીઓ સિવાય ભાગ્યે જ કોઈ કરે છે.

**(બ) પ્રચલિત એકનોંધી પદ્ધતિ (Popular Single Entry) :** શુદ્ધ એકનોંધી પદ્ધતિમાં ઘણા વેપારીઓ પ્રાથમિક કે મૂળ ચોપડામાં રોકડમેળ ઉપરાંત ધંધાની જરૂરિયાત અને કદ મુજબ જરૂરી તમામ પેટાનોંધો પણ રાખે છે. દા. ત., ખરીદનોંધ, વેચાણનોધ, ખરીદપરત નોંધ, વેચાણપરત નોંધ, લેણીહૂંડી નોંધ, દેવીહૂંડી નોંધ તેમ જ પેટા રોકડમેળ વગેરે. છતાં ખાતાવહીમાં ફક્ત વ્યક્તિઓના જખાતાં રાખે છે. દા. ત., માલ ઉધાર વેચવામાં આવે તો વેચાણનોંધમાં તેની નોંધ થાય, પરંતુ ખાતાવહીમાં વેચાણખાતું રાખવામાં આવતું નથી અને વેચાણનોંધનો માસિક સરવાળો વેચાણખાતે ખતવવામાં આવતો નથી. આ રીતે હિસાબો રાખવાની પદ્ધતિને પ્રચલિત એકનોંધી કહેવામાં આવે

Prof.Dharmendra K Patel, Shree N P Patel Commerce College, Ahmedabad

## [4] એકનોંધી હિસાબી પદ્ધતિની ખામીઓ કે મર્યાદાઓ-

(1) ધંધાના સંચાલન અંગે ચોક્કસ માહિતી મળી શકી નથી, કારણ કે વ્યવહીરોની સંપૂર્ણ નોંધ ચાપડે હોતી નથી.

(2) ધંધાની મિલકતો અને જવાબદારીઓ અંગેની સાચી માહિતી મળી શકતી નથી, મિલકતોની કિંમત અંદાજે મુકવામાં આવે છે, જે ચોક્કસ હોઈ શકે નહિ.

(3) દરેક વ્યવહારની બેવડી નોંધ થતી ન હોવાથી કાચું સરવૈયું બનાવી શકાય નહિ કે, પરિણામે આંકડાના સાચાપણાની ખાતરી કરવાનું કામ ખૂબ મુશ્કેલ છે.

(4) નફો કે ખોટ શોધી કાઢવા માટે વર્ષની શરૂઆતની અને છેવટની મૂડી સરખાવવામાં આવે છે.નફો શોધવાની આ પદ્ધતિ અચોક્કસ અને અવૈજ્ઞાનિક છે.

(5) વર્ષને અંતે ધંધાનું પરિણામ (નફો કે ખોટ) શી રીતે ઉદ્ભવ્યું તે વિશે માહિતી મળતી નથી. ધંધો ચલાવવા માટે જુદા જુદા કેટલા ખર્ચ થયા અને કેવી રીતે થયા તે અંગે પણ માહિતી મળતી નથી. આને પરિણામે વચગાળાના હિસાબો બનાવી શકાય નહીં તેમ જ જુદા જુદા ખર્ચની સરખામણી કરવી.મુશ્કેલ બને. કોઈ આંકડાશાસ્ત્રીય માહિતી પણ તૈયાર કરી શકાય નહિ.

(6) હિસાબો અધૂરા હોવાને કારણે ભૂલો પકડી શકાતી નથી. ઉચાપત અને છેતરપિંડી માટે પૂરતો અવકાશ રહે છે.

(7) આ પદ્ધતિ અવૈજ્ઞાનિક છે, કારણ કે તેના હિસાબો રાખવા માટે કોઈ ચોક્કસ નિયમો નથી. તેમાં વ્યવહારની બેવડી નોંધ થતી ન હોવાથી તે અવૈજ્ઞાનિક ઠરે છે.

(8) અધૂરા હિસાબોને કારણે વેપારીને અનેક મુશ્કેલીઓ અનુભવવી પડે છે. દા.ત., માલ વેચવામાં, તેની કિંમત નક્કી કરવામાં, તેના ધંધાની પાઘડી નક્કી કરવામાં, નાણાકીય મદદ મેળવવા હિસાબો રજૂ કરવામાં, ઇન્કમટેક્સ માટે હિસાબો રજૂ કરવામાં વગેરે.

(9) જુદી જુદી મિલકતો-દેવાંની માહિતી મળી શકતી ન હોવાથી પાકું સરવૈયું તૈયાર કરી શકાતું નથી પરિણામે વર્ષના અંતે ધંધાની આર્થિક પરિસ્થિતિ જાણવા માટે સ્થિતિદર્શક-પત્રક બનાવવામાં આવે છે. પરંતુ તેમાં જણાવેલ કિંમતો ફક્ત અંદાજે જ હોઈ, સ્થિતિદર્શક પત્રક સાચી પરિસ્થિતિ દર્શાવી શકતું નથી.

Prof.Dharmendra A Patel, Shree N P Patel Commerce College, Ahmedabad

(10) આ પદ્ધતિ આયોજન અને અંકુશ માટે બિનઉપયોગી છે. તેમાં માલમિલક્તનાં ખાતાં કે ઊપજ-ખર્ચનાં ખાતાં રાખવામાં આવતાં નથી, તેથી અંકુશ માટે તે ઉપયોગી નથી.
(11) કોઈ કાયદા દ્વારા પણ આ પદ્ધતિને માન્યતા મળી નથી, તેથી કંપનીધારા કે ઇન્કમટેક્સના કાયદા હેઠળ જરૂરી હિસાબો માટે આ પદ્ધતિ ચાલી શકે નહિ.
(12) આ પદ્ધતિ મુજબ રાખેલા હિસાબો દ્વારા આંતરપેઢી તુલના શકય નથી, કારણ કે દરેક વ્યક્તિ આ પદ્ધતિ મુજબના હિસાબો પોતાની સગવડ મુજબ રાખે છે.

**[5] નફો શોધવાની રીત -** એકનોંધી પદ્ધતિ પ્રમાણે જ્યારે હિસાબો રાખવામાં આવ્યા હોય ત્યારે નફો શોધવા માટે બે પદ્ધતિઓ પ્રચલિત છે :

Prof.Dharmendra A Patel, Smt. N P Patel Commerce College, Ahmedabad

**(અ) મૂડીની સરખામણીની પદ્ધતિ (Comparison of Capitals Method)-**આ પદ્ધતિમાં નીચે મુજબ બે સમયગાળાની મૂડીની સરખામણી કરીને તફાવત દ્વારા નફો કે નુકસાન શોધવામાં આવે છે,

| વિગત | રકમ |
|---|---|
| વર્ષની આખરની મૂડી | ........... |
| + વર્ષ દરમિયાન કરેલોં ઉપાડ | +.......... |
| બાદ- વર્ષ દરમિયાન ધંધામાં લાવેલ વધારાની મૂડી | -.......... |
| સુધારેલી આખરની મૂડી | ........... |
| બાદ- વર્ષની શરૂઆતની મૂડી | -.......... |
| વર્ષ દરમિયાન નફો કે નુકસાન | ........... |

**(બ) એકનોંધીનું દ્વિનોંધીમાં રૂપાંતર કરવાની પદ્ધતિ (Conversion of Single Entry into Double Entry)-** આ પદ્ધતિમાં માત્ર મૂડીની સરખામણી કરવાને બદલે એકનોંધી કે અધૂરી હિસાબી પદ્ધતિ મૂજબ રાખેલી અધૂરી વિગતોની માહિતી પરથી જરૂરી ખાતા ખોલીને ખૂટતી વિગતો શોધી કાઢવામાં આવે છે. તેને આધારે એકનોંધી કે અધૂરી હિસાબી પદ્ધતિ મુજબની માહિતીનું સંપૂર્ણ દ્વિનોંધી મુજબની માહિતીમાં રૂપાંતર કરવા આવે છે.અને સંપૂર્ણ કાચુ સરવૈયું તૈયાર કરી વ્યવસ્થિત પૂર્ણ વાર્ષિક હિસાબો તૈયાર કરી નફો કે નુકસાન શોધી કાઢવામાં આવે છે,આ રીતે એકનોંધીનું દ્વિનોંધીમાં રૂપાંતર કરવામાં આવે છે.

**નોંધ- બી.કોમ.સેમ-1ના અભ્યાસક્રમમાં માત્ર આ (બ) પદ્ધતિના જ દાખલા અપેક્ષિત છે.**

**[6] જૂદા જૂદા ખાતા કઇ ખૂટતી વિગત શોધવા બનાવવામાં આવે છે તેની વિગતો-**

| ખાતાનું નામ | નીચેના પૈકી કઇ કોઇ પણ એક ખૂટતી વિગત શોધવા બનાવવું પડે |
|---|---|
| 1. દેવાદારોનું ખાતું | (1) દેવાદારોની શરૂની બાકી (૨) ઉધાર વેચાણ (૩) દેવાદારો પાસેથી મળેલ રોકડ (૪) દેવાદારો પાસેથી મળેલ લેણી હૂંડીઓ (૫) દેવાદારોની આખર બાકી.<br>**નોંધ-સામાન્ય રીતે ઉધાર વેચાણ શોધવા દેવાદારોનું ખાતું બનાવાય છે** |
| 2.લેણી હૂંડી ખાતું | (૧) શરૂઆતની બાકી (૨) લેણી હૂંડીની આખર બાકી (૩) દેવાદારો પાસેથી વર્ષ દરમિયાન મળેલ લેણી હૂંડી (૪) લેણી હૂંડી સામે પાક્યા તારીખે મળેલ રોકડ |
| 3. લેણદારોનું ખાતું | (૧) લેણદારોની શરૂઆતની બાકી (૨) આખરની બાકી (૩) ઉધાર ખરીદી (૪) લેણદારોને ચૂકવેલ રોકડ (૪) લેણદારોની સ્વીકારેલી દેવી હૂંડી |

Prof.Dharmendra A Patel, Shree N P Patel Commerce College Ahmedabad

| | |
|---|---|
| 4. દેવી હૂંડી ખાતું | (૧) દેવી હૂંડીની શરૂઆતની બાકી (૨) આખરની બાકી (3) લેખ઼દારોની સ્વીકારેલી દેવી હૂંડી (૪) દેવી હૂંડી સામે ચૂકવેલ રોકડ. |
| 5.રોકડ ખાતું | (૧) શરૂઆતની રોકડ સિલક (૨) આખરની રોકડ સિલક (3) રોકડ વેચાણ અથવા (૪) રોકડ ખરીદી.(5) દેવાદારો પાસેથી મળેલ રોકડ |
| 6. સ્ટૉક ખાતું (માલ ખાતું કે વેપાર ખાતું) | (૧) આખરનો સ્ટૉક શોધવા (૨) ઉધાર વેચાણ શોધવા (3) ઉધાર ખરીદી શોધવા. |
| 7.શરૂઆતનું સ્થિતિદર્શક પત્રક | (૧) શરૂઆતની મૂડી શોધવા અથવા (૨) કોઈ મિલકત કે દેવાની શરૂઆતની બાકી શોધવા. |

Prof.Dharmendra A Patel, Shree N P Patel Commerce College, Ahmedabad

## [7] દાખલો ગણવાનો ઉપયોગી ક્રમ:

**સ્ટેપ 1**: પહેલાં શોધી કાઢો કે દાખલામાં કઈ વિગત ખૂટે છે અને તે શોધવા ક્યું ખાતું બનાવવું.

**સ્ટેપ 2** : હવે દાખલામાં આપેલી બધી રકમો યોગ્ય સ્થળે લખી દો.

I. શરૂઆતની બધી બાકીઓ શરૂઆતના સ્થિતિદર્શક પત્રકમાં લખી લો.
II. જે જે ખાતાં ખોલવાનાં છે તે દરેકમાં તેની શરૂઆતની બાકીઓ ઉધાર કે જમા બાજુ લખી લો.
III. વેપાર ખાતાને લગતી જે વિગતો દાખલામાં આપી હોય તે વેપાર ખાતામાં લખી લો
IV. આવક કે ખર્ચની જે વિગતો આપી હોય તે નફાનુકસાન ખાતામાં લખી લો.
V. આખરની જે બાકીઓ આપી હોય તે ઉપર મુજબ ખોલેલાં ખાતાંમાં આખરનીં બાકીઓ તરીકે બતાવો. (આખરની ઉધાર બાકી હોય તો જમા બાજુ બતાવો અને આખરની જમા બાકી હોય તો ઉધાર બાજુ બતાવો.)
VI. આખરની બાકીઓની બીજી અસર આખરના પાકા સરવૈયામાં લખી લો.જો કાયમી મિલકતોપર ઘસારો ગણવાનો હોય તો કાયમી મિલક્તોની રકમ અંદરના ખાનામાં લખી.

**સ્ટેપ 3-** ખૂટતી વિગત શોધવા જે ખાતાં બનાવ્યાં હોય તે એક પછી એક પૂરા કરો

I. સૌથી પહેલાં જે ખાતામાં એક જ વિગત ખૂટતી હોય તેમાં ખૂટતી રકમ શોધો અને ખાતું બંધ કરો.
II. આ રીતે શોધેલ ખૂટતી રકમ બીજા ખાતાને અસર કરતી હોય તો તે બીજા ખાતામાં તેની અસર આપો. દા. ત., લેણી હૂંડી ખાતું બનાવી વર્ષ દરમિયાન મળેલ લેણી હૂંડી શોધી છે તો તેની બીજી અસર દેવાદારોના ખાતાની જમા બાજુ આપો. આમ કરવાથી હવે દેવાદારોના ખાતામાં ખૂટતી વિગત મળશે એટલે દેવાદારોનું ખાતું બંધ થઇ શકશે.

Prof. Dharmendra A Patel, Shree N P Patel Commerce College, Ahmedabad

**સ્ટેપ 4:** ખૂટતી શોધેલી વિગતો યોગ્ય સ્થળે લખો. દા. ત.,

I. દેવાદારોનું ખાતુ બનાવી ઉધાર વેચાણ શોધ્યું હોય તો તે વેપાર ખાતાની જમા બાજુ બનાવો.
II. લેણદારોનું ખાતું બનાવી ઉધાર ખરીદી શોધી હોય તો તે વેપાર ખાતાની ઉધાર બાજુ બતાવો.
III. રોકડ ખાતું બનાવી આખરની રોકડ સિલક શોધી હોય તો તે આખરના પાકા સરવૈયામાંબતાવો.
IV. માલ ખાતું બનાવી આખરનો સ્ટૉક શોધ્યો હોય તો તે વેપાર ખાતામાં જમા બાજુ અને પાકા સરવૈયામાં મિલકત-લેણાં બાજુ લખો.

**સ્ટેપ 5-** હવે હવાલાઓની અસર આપો

I. ઘસારો ગણવાનો હોય તો તે નફાનુકસાન ખાતાની ઉધાર બાજુ લખો અને પાક સરવૈયામાં મિલકતમાંથી બાદ કરો.
II. ઘાલખાધ અનામત રાખવાની હોય તો તે ન-નુ. ખાતાની ઉધાર બાજુ લખો અને પાકા સરવૈયામાં દેવાદારોમાંથી બાદ કરો.
III. મૂડી પર વ્યાજ ગણવાનું હોય તો તે ન-નુ. ખાતાની ઉધાર બાજુ લખો અને પાકા સરવૈયામાં લખેલી શરૂઆતની મૂડીમાં ઉમેરો.

**સ્ટેપ 6-** છૂપા હવાલાઓ હોય તો તે શોધી તેની યોગ્ય અસર આપો. દા. ત.,શરૂઆતના પાકા સરવૈયામાં વિગત આપી હોય, “10%નાં રોકાણો રૂ. 100000 આ છૂપો હવાલો છે. આ માટે ચાલુ વર્ષે વ્યાજના રૂ. 10000 ગણવું પડે. જો દાખલામાં તેનો ઉલ્લેખ ન હોય તો વ્યાજની આ રકમ ગણી તેની બે અસર આપો- નં.નુ. ખાતાની જમા બાજુ અને પા.સ.માં મિલક્ત બાજુ
**સ્ટેપ 7-** હવે વાર્ષિક હિસાબો પૂરા કરો. પાકું સરવૈયું મળી રહેવું જોઈએ.

**સ્વાધ્યાય પ્રશ્ન-**

**એકનોંધી (અધૂરી) હિસાબી પદ્ધતિ અને દ્વિનોંધી હિસાબી પદ્ધતિ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો**

Prof.Dharmendra A Patel, Shree N P Patel Commerce College, Ahmedabad